કેસ રજુ તારીખ : ૧૬/૧૨/૨૦૨૩
કેસ દાખલ તારીખ : ૧૬/૧૨/૨૦૨૩
કેસ ફેસલ તારીખ : ૨૩/૦૨/૨૦૨૪

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

सत्यमेव जयते

---

**મે.એડીશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૫, મુ. અમદાવાદ.**

---

**ક્રિ.કેસ નં.૧૩૮૩૪૯/૨૦૨૩**

**આંક–**

**ફરિયાદી: શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી: મોહમદખાન ઉર્ફે મચમચ સાહીદઅલીખાન પઠાણ**
હાલ રહે : ડાહયાભાઈ કડીયાની ચાલી, મહાગુજરાત બેકરીવાળી ગલી, હુસેની મસ્જીદ પાસે,રખિયાલ,અમદાવાદ.

**ગુનો: ધી ઈ.પી.કો.કલમ ૩૮૦ મુજબ...**

---

**ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી પી.આર.જોષી**
**આરોપી તરફે વિ.વકીલશ્રી એન.એ.મલેક**

---

**<u>ઠ રા વ</u>**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૨૯/૦૬/૨૦૨૩ ના કલાક ૦૦/૩૦ થી કલાક ૦૫/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ ફરીયાદીશ્રીના ઘરમાં આવી ફરીયાદીશ્રીનો વન પ્લસ કંપનીનો ૧૦–આર એસજી મોડલનો ગ્રીન કલરનો મોબાઈલ ફોન જેનો આઈએમઈઆઈ નં.૮૬૬૭૭૫૦૬૩૭૪૯૧૯૬ તથા

૮૬૬૭૭૫૦૬૩૭૪૯૧૮૮ છે જેમાં વોડાફોન કંપનીનું સીમકાર્ડ નં. ૯૯૨૫૦૮૭૪૫૯ નું હતું જેની કિં.રૂા. ૨૦,૦૦૦/– ગણી શકાય તે ઘરના ખુલ્લા દરવાજાથી સીડી વાટે રૂમમાં પ્રવેશ કરી ચોરી કરી લઈ જઈ બાદ પાછળથી પકડાઈ જઈ, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ રખિયાલ  પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે પાર્ટ એ. ગુ. ર. નં.૧૧૧૯૧૦૨૯૨૩૦૩૦૪/૨૦૨૩ થી ફરીયાદ નોંધી તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ઘી.ઈ.પી.કો. કલમ ૩૮૦  મુજબના શિક્ષાપાત્ર ગુનાનું  ચાર્જશીટ રજુ કરેલ.

૨. આ કામના આરોપીને સમન્સની  કાયદેસરની બજવણી થઈ જતા આરોપી તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અંગેની ખાત્રી આંક–૧ લગત કરેલ છે. ત્યાર બાદ આરોપી વિરૂઘ્ધ આંક–૦૨ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે  તેમનો કેસ  સાબિત કરવા માટે  નીચે જણાવેલ મૌખિક તથા લેખીત પુરાવો રજુ કરેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી અબ્દુલરહીમ મહેબુબભાઈ શેખનાઓની જુબાની | ૪ |
| ૨ | ફરિયાદ | ૫ |
| ૩ | કલોઝીંગ પુરસીસ | ૭ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદપક્ષનો પુરાવો ઘ્યાને લેતાં ક્રિ.પ્રો.કોડ કલમ: ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામે આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે રજુ પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં ઠરાવેલ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપી તરફેના વિ.વ.શ્રી દલીલો કરતા જણાવે છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીને તેનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૬. ફરિયાદ પક્ષે આક્ષેપ કર્યા મુજબની હકીકતો મુજબ આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે આ પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u>**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.ર૯/૦૬/૨૦૨૩ ના કલાક ૦૦/૩૦ થી કલાક ૦૫/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ ફરીયાદીશ્રીના ઘરમાં આવી ફરીયાદીશ્રીનો વન પ્લસ કંપનીનો ૧૦–આર એસજી મોડલનો ગ્રીન કલરનો મોબાઈલ ફોન જેનો આઈએમઈઆઈ નં.૮૬૬૭૭૫૦૬૩૭૪૯૧૯૬ તથા ૮૬૬૭૭૫૦૬૩૭૪૯૧૮૮ છે જેમાં વોડાફોન કંપનીનું સીમકાર્ડ નં. ૯૯૨૫૦૮૭૪૫૯ નું હતું જેની કિં.રૂા. ૨૦,૦૦૦/– ગણી શકાય તે ઘરના ખુલ્લા દરવાજાથી સીડી વાટે રૂમમાં પ્રવેશ કરી ચોરી કરી લઈ જઈ બાદ પાછળથી પકડાઈ જઈ, ઘી.ઈ.પી.કો. કલમ ૩૮૦ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## કારણો

**મુદ્દાનં. ૧:–**

૮. આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદ પક્ષે **આંક–૦૪ થી ફરિયાદી અબ્દુલરહીમ મહેબુબભાઈ શેખ**નાઓને તપાસેલ છે. તેઓએ તેમની જુબાનીમાં **આંક–૦૫ થી ફરિયાદ** રજુ કરેલ છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ આશરે છ માસ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓના ઘરેથી તેમનો એક મોબાઈલ ઘરના દરવાજામાંથી પ્રવેશ કરી કોઈ અજાણ્યા ઈસમે મોબાઈલ લઈ જતા બનાવ સંબંધે તેઓએ પો.સ્ટે.ફરીયાદ આપેલી. જે અસલ તેમને બતાવવામાં આવતા તેમાં પોતાની સહી ઓળખે છે. આ ચોરી કોણે કરેલી કે બનાવ કેવી રીતે બનેલ તેની તેઓને ખબર નથી, આરોપીને તેઓ ઓળખતા નથી . સદરહુ ફરીયાદી ફરિયાદની હકીકતને સમર્થન કરતા ન હોઈ, ફરિયાદપક્ષે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેઓની સુચકપ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી.

૯. ફરિયાદ પક્ષે આ કામે દસ્તાવેજી પુરાવામાં આંક–૦૫ થી ફરિયાદ તથા આંક–૦૭ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવતા વધુ પુરાવો નોંધવાનું બંધ કરવામાં આવેલ છે.

**પુરાવાનું મુલ્યાંકન અને નિષ્કર્ષ:–**

૧૦. પુરાવાનું મૂલ્યાંકન શબ્દ ભારતીય પુરાવા ધારામાં કોઈપણ જગ્યાએ વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. પુરાવાનું મૂલ્યાંકન ફકત અને ફકત ભારતીય પુરાવા ધારા કલમ–૩ માં દર્શાવેલ " PROVED " અને " NOT PROVED " શબ્દો ઉપર અવલંબે છે. એ માટે કોઈપણ ચોકકસ નિયમ નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન ભાવાત્મક પ્રક્રિયા છે અને એ રીતે પુરાવાનું મૂલ્યાંકન વૈવાહરિક રીતે પ્રચલિત છે. કોઈ હકીકતનું અસ્તિત્વ

કે બિન અસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વ ભૂમિકા સંબંધે ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન રજૂ કરી પ્રયાપ્ત પક્ષે આરોપી સામેની તહોમત નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

૧૧. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો સમગ્રપણે ધ્યાને લેતાં, આ કામે આંક–૦૪ થી તપાસેલ ફરિયાદીનાઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, આ ચોરી કોણે કરેલી કે બનાવ કેવી રીતે બનેલ તેની તેઓને ખબર નથી . આમ, ફરિયાદીનાઓએ માત્ર શંકાના આધારે ફરિયાદ આપેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, આંક–૦૫ ની ફરિયાદને ખુદ ફરિયાદીશ્રીની જુબાની થકી સમર્થન મળતું નથી. ફરિયાદપક્ષ તર્ફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે પોલીસ સાહેદોએ આ કામના તહોમતદારને ચોરી ના ગુનેગાર તરીકે જણાવેલ છે પરંતુ તેઓનું એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ કે કોઈ સાક્ષી રુબરુ ઓળખ પરેળ કરાવેલ હોવાની હકીકત જણાવેલ નથી કે કોઈ પુરાવો આપેલ નથી. આરોપી પાસ થી કોઈ ચોરી નો મુદ્દામાલ ની રીકવરી કે ડીશકવર થયેલ હોઈ તે દર્શાવતો પણ કોઈ ચોકકસ પુરાવો ફરીયાદ પક્ષ આ કામે રજુ કરી શકેલ નથી. આમ ઉપર કરેલ ચર્ચા મુજબ ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ ધી ઈ.પી.કો.કલમ ૩૮૦ મુજબ નો કેસ નિશંકપણે પુરવાર કરેલા હોવાનું માની શકાય નહી. આ કામે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજુ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એકબીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. **ઓથોરીટી ૨૦૦૭(૨) જી.એલ.એચ.૨૧૬ના પ્રસ્થાપિત સિધ્ધાંત** મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આમ, ફરિયાદ પક્ષના રજુ પુરાવાથી આ કામના આરોપી વિરૂધ્ધ ધી ઈ.પી.કો.કલમ ૩૮૦ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર થતા ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

આ કામના **આરોપી : મોહમદખાન ઉર્ફે મચમચ સાહીદઅલીખાન પઠાણ** હાલ રહે : ડાહયાભાઈ કડીયાની ચાલી, મહાગુજરાત બેકરીવાળી ગલી,હુસેની મસ્જીદ પાસે, રખિયાલ, અમદાવાદનાઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૪૮(૧) અન્વયે **ધી ઈ.પી.કો.કલમ ૩૮૦** મુજબના સજાને પાત્ર ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના ટ્રાયલ સમયના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ બાબતે જો અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવાનો અને હુકમ કરવામાં ન આવેલ હોય તો મુળ માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના જાતમુચરકા જેલમાં જેલરશ્રી રૂબરૂ લેવો તથા આરોપીને જેલ મુકત કરવા યાદી કરવી.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૨/૨૦૨૪
મુ.અમદાવાદ.

(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૫,અમદાવાદ.
**GJ00885**